## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દે'બારીયા ખાતે

## "ગૌણ અને સુક્ષ્મતત્વોની ખેતીમા અગત્યતા" પર ખેડુત શિબીર યોજાઇ

જમીનની ફળદ્રુપતા સચવાઇ રહે અને ખેતી નફાકારક બની રહે તે હેતુથી ગૌણ અને સુક્ષ્મતત્વોની અગત્યતા ખેડૂતો માટે ખૂબજ ઉપયોગી છે. ગુજરાતની જમીનોમાં હવે ગૌણ અને સુક્ષ્મતત્વોની ઉણપ ધીરે ધીરે વધતી જાય છે ત્યારે ખેડૂતોને આ પોષકતતત્વોનો યોગ્ય ઉપયોગ બાબતે વૈજ્ઞાનિક તથા સાચું માર્ગદર્શન મળી રહે તે ખૂબ જ જરૂરી બને છે.

આ બાબતને ધ્યાને લઇ માઇક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ સ્કીમ (ICAR), આકુયુ, આણંદ અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકુયુ, દે'બારીયાના સંયુક્ત ઉપક્રમે આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકુયુ, દે'બારીયા ખાતે તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦, સોમવારના રોજ "ગૌણ અને સુક્ષ્મતત્વોની ખેતીમા અગત્યતા" વિષય પર ખેડુત શિબીર યોજાઇ. જેમા દાહોદ જીલ્લાના દાહોદ, ધાનપુર, લીમખેડા, સિંગવડ અને દે'બારીયા તાલુકાઓમાં આવેલ જુદા જુદા ૨૫ ગામોમાંથી ૧૨૬ મહિલાખેડૂતો અને ૧૪૧ ખેડૂતભાઇઓએ એમ કુલ ૨૬૭ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

ડો. જી. જે. પટેલ, યુનિટ અધિકારી, ટી.આર.ટી.સી.,આકૃયુ, દે'બારીયા દ્વારા આવેલ ખેડૂતોનું અને માઇક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ સ્કીમ (ICAR), બ.અ.કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદના વૈજ્ઞાનિકશ્રીઓ અને શ્રી. દિલીપભાઇ ધાંગા, પ્રગતિશીલ ખેડૂત અને સભ્ય, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, આકૃયુ, આણંદનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. તેઓએ તેમના વ્યાખ્યાનમાં સંકલિત ખેતી વ્યવસ્થા પર વધુ લક્ષ્ય કેંદ્રિત કરવા ખેડૂતોને સમજાવ્યા. ખેતી કાર્યમાં જમીનની તૈયારીથી બીજની પસંદગી અને પાકની કાપણીથી બજારમાં વેચાણની આખી પ્રકિયામાં ખેડૂતો ક્યાં ખર્ચ ઘટાડી શકાય અને નફાનુ ધોરણ વધારી આવકામાં વધારો કરી શકાય તે બાબતે સવિસ્તાર માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ.

ડો. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામકશ્રી, આણંદ દ્વારા ખેડુતોને ખેડુતોની ભાષામાં પોતાની આગવી શૈલીમાં ખેતીના ઉદાહરણો પુરા પાડી ખેતી પદ્ધતિમાં સુધારો લાવવા આવહાન કર્યા. ડો. રામણીએ છોડને તેના પોષણ અને વૃદ્ધિ માટે ૧૭ આવશ્યક પોષ્કતત્વોની જરૂરીયાત, એકાદ તત્વની અછત હોય અને અન્ય તત્વો પૂરતા પ્રમાનમાં આપવામાં આવે તો પણ ઉત્પાદન બરાબર મળતુ નથી તેમ સમજણ પૂરી પાડેલ. જમીનનો નમુનો લેવાની યોગ્ય પદ્ધતી અને જમીનનું પ્રુથ્થકરન કરાવી જમીનમાં રહેલ પોષક તત્વોની માહિતી મેળવી આપના જમીનની સ્વાસ્થની માહિતી દરેક ખેડૂત ભાઇઓએ રાખવી એમ ભારપુર્વક ખેડૂતોને કહ્યું.

ડો. કે. સી. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક, માઇક્રોન્યુટ્રીયન્ટ પ્રોજેક્ટ બ. અ. કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદ દ્વારા ગૌણ અને સુક્ષ્મતત્વોની ખેતીમા અગત્યતાની માહિતીથી વાકેફ કરવામાં આવેલ. તેઓએ જુદા જુદા પાકોમાં ક્યાં ગૌણ અને સુક્ષ્મતત્વોની ઉણપ રહે તો કેવી રીતે ઓળખી શકવાના લાક્ષનિક ચિહ્નોની માહિતીથી અને તેના નિવારણ માટેના પગલાઓથી તેમજ જમીન આરોગ્ય પત્રક વિશે ખેડૂતોને માહિતગાર કર્યા.

ડો. પિનાકિન પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ ગોધરા દ્વારા શિયાળુ મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી અને તેના મુલ્યવર્ધિત કરી વધુ આવક કેવી રીતે મેળવી શકાય તે બાબતે સમજણ પુરી પાડેલ.

શ્રી.દિલીપભાઇ ધાંગા, પ્રગતિશીલ ખેડૂત અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ, આકૃયુ, આણંદના સભ્યશ્રી દ્વારા તેમના દ્વારા તેઓના ખેતરમાં કરવામાં આવતી ખેતી પદ્ધતીથી કેવી રીતે વધુ આવક મેળવતા થયા તેના અનુભવ ખેડૂતોને જણાવ્યાં. તેઓએ વડિલોની સાથે વૈજ્ઞાનિક પદ્ધતીના ફાયદાઓ જણાવી આપણી પરંપરાગત ખેતી પદ્ધતીમાં ધીરે ધીરે પરિવર્તન કરવા ખેડુતોને હાકલ કરી.

ડો. પી. એમ. ગોધાણી (પાક સરંક્ષણ) તાલીમ સહાયક દ્વારા પાકને નુકશાન કરતી જીવાતોના નિયંત્રણ માટે બિન રાસાયણિક જીવાત નિયંત્રણની વિવિધ જૈવિક પધ્ધતિઓનો સમન્વય કરી જીવાતની વસ્તી તેની ક્ષમ્યમાત્રા કરતા કેવી રીતે નીચે રાખી શકાય તે બાબતની સવિસ્તર સમજણ પૂરી પાડેલ હતી.

ડો. જી. એન. થોરાત, મદદનીશ પ્રાધ્યાપક, દ્વારા પ્રથમ હરોળના નિદર્શન ગોઠવવાના હેતુઓ, નિદર્શન ગોઠવવા ખેડૂત અને ખેતરની પસંદગીના મુદ્વા અને મુખ્ય ફાયદાઓથી સમજણ પુરી પાડી અત્રેની કચેરી દ્વારા બીયારણ, પાક વાવણી અંતર વગૈરેમાં ગોઠવવામાં આવેલ નિદર્શનોની સવિસ્તાર માહિતી  ખેડૂતોને આપેલ.




ડો. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામકશ્રી, આકૃયુ આણંદ



ખેડૂતોનું રજીસ્ટ્રેશન અને સાહિત્ય વિતરણ



મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય





મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત



ડો.કે.સી.પટેલ,માઇક્રોન્યુ. પ્રોજેક્ટ BACA આકૃયુ, આણંદ



ડો.જી. જે.પટેલ, યુનિટ અધિકારી,ટીઆરટીસી.,આકૃયુ, દે'બારીયા





શ્રી.દિલીપ ધાંગા,પ્રગતિશીલખેડૂત અને સભ્ય બોર્ડ મેને., આકૃયુ

ડો. પિનાકિન પરમાર, મ.સં.વૈ. મુ.મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા





ડો.પી.એમ.ગોધાણી તા.સહાયકટીઆરટીસી.,આકૃયુ, દે'બારીયા

ડો. જી.એન. થોરાત, મ.પ્રાધ્યાપક,,ટીઆરટીસી.,આકૃયુ, દે'બારીયા





ફિલ્ડ વિઝિટ